# ખાસ શિક્ષિકા

– ડૉ. આઈ. કે. વીજળીવાળા

વર્ષો પહેલા જ્હોન હોપકિન્સ યુનિવર્સિટીના એક પ્રોફેસર એના વિદ્યાર્થીઓને એક એસાઈનમેન્ટ આપ્યુ. વિષય હતો : મુબઈ નગરની ઝૂપડપટ્ટીમા રહેતા ૧૨ થી ૧૬ વર્ષની વચ્ચેના છોકરાઓનો અભ્યાસ કરવો અને એમના ઘરની તેમજ સામાજિક પરિસ્થિતિની સમીક્ષા કરીને ભવિષ્યમા એ લોકો શુ બની શકશે કે શુ કરશે એની ભાળ મેળવવા પ્રયાસ કરવો. વિદ્યાર્થીઓ લાગી પડયા. ઝૂપડપટ્ટીના ૨૦૦ બાળકોના ઘરની પૃષ્ઠભૂમિકા, મા–બાપની પરિસ્થિતિએ લોકોનુ શૈક્ષણિક સ્તર, દારૂ તેમજ નશીલી દવાઓની બદી એમ ઘણા બધા પાસાઓનો વિચાર કરવામા આવ્યો. એ ઉપરાત દરેક છોકરાના વિચારોને પણ ઊંડાણથી તપાસવામા આવ્યા.

દસેક મહિના પછી આ આખો અભ્યાસ પૂર્ણ થયો. આટલી બધી મહેનતનો નિષ્કર્ષ એવો નીકળ્યો કે પેલા છોકરાઓમાથી ૯૫% બાળકો માટે થઈને વધારે સમય જેલમા વિતાવશે. માડ પાચેક ટકા બાળકોને જ સારુ જીવન મળશે.

બસ, એ સમયે એ અભ્યાસ પૂરો થયા પછી એ વાત જ ભૂલાઈ ગઈ. એના ૨૫ વર્ષ પછી એક પ્રોફેસરના અભ્યાસનુ તારણ કેટલુ સાચુ પડય છે એ જાણવાનુ કામ બીજા એક ગ્રુપને સોપ્યુ. એ બધા ફરી પાછા એ જ વિસ્તારમા ગયા. પેલા ૨૦૦ છોકરાઓમાથી થોડાક મૃત્યુ પામ્યા હતા. પરતુ તેમ છતા એ લોકો મૂળ યાદીમાના ૧૮૦ જણને મળી શક્યા. વિદ્યાર્થીઓએ જ્યારે ૧૮૦ જણાની એ સમયની જિદગી વિશે બધી નોધ કરી ત્યારે આશ્ચર્યમા ડૂબી ગયા. આગળના અભ્યાસના તારણોની સાવ વિપરીત ફક્ત ચાર જ બહુ થોડા સમય જલમા ગયા હતા અને એ પણ સામાન્ય મારામારી જેવા ગુના માટે જ !

અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ તેમજ એમના પ્રોફેસરને ખૂબ જ નવાઈ લાગી. ગુનાઓના ઘર જેવી જગ્યામા આવુ બને જ કઈ રીતે ? જે જગ્યાએ ગુનેગારો જ પેદા થવા જોઈએ ત્યા આટલા બધા છોકરાઓ એમની મૂઝવણનો  સવાલ મોટા થઈ ગયેલા એ છોકરાઓને જ પૂછ્યા તો લગભગ દરેકે દરેક વ્યક્તિએ જવાબ આપ્યો કે કદાચ અમે પણ આડા રસ્તે ચડી જાત, પરતુ અમારા એક શિક્ષિકા બહેન હતા. એમણે એમને બધાને સાચો રસ્તો બતાવ્યો. એમ, કદાચ એ ન હોત તો અમે લગભગ દરેક જણ આ માર્ગ પર ન હોત. બધાએ એક જ શિક્ષિકાબહેનની વાત કરી.



બધાની એ એક જ વાત પરથી હોપિકિન્સના વિદ્યાર્થીઓને એ શિક્ષિકાબહેનમા રસ પડયો. એમણે એમનુ નામ જાણીને તપાસ કરી તો એ શિક્ષિકાબહેન રિટાયર થઈ ગયા હતા. એ બધા એમને શોધતા એમના ઘરે પહોચ્યા, બધી વાત કરી. પછી પૂછ્ય, આ બધા છોકરાઓ પર એમણે એવો તો શો ચમત્કાર કર્યો હતો કે લગભગ દરેક છોકરો એક ખૂબ જ સારો માણસ બની શક્યો ?

શિક્ષિકાબહેને ખૂબ જ સરળતાથી અને સહજતાથી જવાબ આપ્યો,

ચમત્કાર ! અરે ! મને ચમત્કાર થોડો આવડે ? મે તો એમને બધાને પોતાના સતાનોની જેમ જ પ્રેમ કર્યો હતો બસ એટલુ જ.

■